પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૩૯, કુલ પાના:૪, તારીખ: ૦૩-૦૬-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 239 PRICE :-RS. 1.50 DATE : 03-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કેન્દ્ર સરકારના નિર્ણય બાદ રૂપાણી સરકારનો યુ-ટર્ન

# ટાઈમટેબલ જાહેર કર્યાના ૨૪ કલાકમાં જ ધો.૧૨ની પરીક્ષા રદ



ગાંધીનગર,

મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલ કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને CBSEની ધોરણ-૧૨ની પરીક્ષાને રદ કરવાનો નિર્ણય કર્યો હતો. જેના પગલે ગુજરાત સરકારે પણ GSEBની ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. ધોરણ-૧૨ અને ૧૦ના રીપિટર મળીને ૧૦ લાખની વધુ વિદ્યાર્થીઓ ફક્ત એક મહિના પછી કોરોના માહોલ વચ્ચે પરીક્ષા કેવી રીતે આપશે તે સવાલ ઉભો થયો હતો. ત્યારે કેન્દ્ર સરકારના તર્જ પર રાજ્ય સરકારે પણ ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ની ૧ જુલાઈથી લેવાનારી પરીક્ષા રદ કરી દીધી છે. ગુજરાતમાં ધો.૧૨ સાયન્સના ૧.૪૦ લાખ અને સામાન્ય પ્રવાહના ૫.૫૨ લાખ મળીને ૬.૯૨ લાખ વિદ્યાર્થી ગુજરાત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરે છે.

જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે આગામી સમયમાં લેવાનારી CBSEની પરીક્ષાને કોરોનાના ખતરાને ધ્યાનમાં રાખીને જ રદ કરી હતી. પરંતુ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડએ મંગળવારે જ ૧ જુલાઈથી ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના રીપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જો કે, ત્યારબાદ કેન્દ્ર સરકારે CBSEની પરીક્ષો રદ કરતા રાજ્ય સરકાર અસમંજસમાં મુકાઈ ગઈ હતી.

રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના વ્યાપક આરોગ્ય હિતમાં CBSEની ધોરણ-૧૨ની પરીક્ષાઓ આ વર્ષે નહીં યોજવાની જાહેરાત કરી હતી. સીએમ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરીને રાજ્ય સરકારે વડાપ્રધાનના આ નિર્ણયના

★ ધો.૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહના ૬ લાખ ૯૨ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા રદ થઈ.
★ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ મુજબ આગળની કાર્યવાહી કરાશેઃ શિક્ષણમંત્રી.

સમર્થનમાં ગુજરાતમાં પણ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ની આ વર્ષે યોજાનારી પરીક્ષાઓ રદ કરવાનો એટલે કે નહિ યોજવાનો નિર્ણય કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ બોર્ડની પરીક્ષાઓ અંગેની હવે પછીની આગળની કાર્યવાહી રાજ્ય સરકાર ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ કરશે. શિક્ષણમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આગામી ૭મી જૂનથી શરૂ થઈ રહેલા નવા શૈક્ષણિક સત્રમાં પણ ઓનલાઈન એજ્યુકેશનની પદ્ધતિ પ્રવર્તમાન કોરોના સ્થિતીને અનુલક્ષીને યથાવત રહેશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વડાપ્રધાન મોદીએ બાળકોના હિતમાં CBSEની પરીક્ષા રદ કરવાના લીધેલા નિર્ણય બાદ ગઈકાલ રાતથી ગુજરાતનો શિક્ષણ વિભાગ અને શિક્ષણ બોર્ડ કામે લાગી ગયું હતું. કારણે કે, ગુજરાત બોર્ડે પરીક્ષાની તારીખો અને કાર્યક્રમ જાહેર કરી લીધા બાદ પીએમે નિર્ણય લીધો હતો. જેના કારણે ટાઈમ ટેબલ જાહેર કર્યા બાદ પરીક્ષા રદ કરવી કે કેમ તે અંગે પ્રશ્નાર્થ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મોડી રાત સુધી સીએમ, શિક્ષણમંત્રી સહિતના અધિકારીઓ વચ્ચે બેઠકો યોજાઈ હતી. જેમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ની પરીક્ષા અંગેની ફેર વિચારણા કરવામાં આવી હતી. જ્યારે આજે મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતમાં પણ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારની પરીક્ષા રદ કરવાની જાહેરાત બાદ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પણ રાહત અનુભવી રહ્યા છે.

# રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર માછીમારો માટે ૧૦૫ કરોડનું રાહત પેકેજ



ગાંધીનગર,

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી કોર કમિટીની બેઠેકે રાજ્યમાં તાજેતરમાં તાઉ-તે વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકો ઉપરાંત દરિયા કિનારાના સાગરખેડૂ-માછીમારોને થયેલા વ્યાપક નુકસાનમાંથી તેમને પુનઃબેઠા કરવા અને મત્સ્યોદ્યોગ પ્રવૃતિમાં પૂર્વવત કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૧૦૫ કરોડનું રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, ઉર્જામંત્રી સૌરભ પટેલ, મત્સ્યોદ્યોગ મંત્રી જવાહર ચાવડા અને મુખ્ય સચિવ અનિલ મૂકીમ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, એસી.એસ.શ્રી પંકજકુમાર અને વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં મત્સ્યોદ્યોગ અને પશુપાલન સચિવ નલિન ઉપાધ્યાય અને કમિશનર ડી.પી.દેસાઈ જોડાયા હતા.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ રાહત સહાય પેકેજની વિગતો આપતા કહ્યું કે, સાગરખેડૂ-માછીમારોને તાઉ-તે વાવાઝોડાથી થયેલા વ્યાપક નુકસાનમાંથી પુનઃબેઠા કરવા અને પૂર્વવત કરવાની સંપૂર્ણ સંવેદનાથી રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર આટલું વિશાળ ૧૦૫ કરોડ રૂપિયાનું ઉદારતમ પેકેજ સરકારે જાહેર કર્યું છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, તાજેતરમાં ગુજરાતના ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલા બંદરો જાફરાબાદ, રાજુલા, સૈયદરાજપરા, શિયાળબેટ, નવાબંદર સહિતના બંદોરોને ઘમરોળીને કલાકના ૨૨૦ કિ.મીની ઝડપે ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાથી દરિયો પણ તોફાની થયો હતો. આના પરિણામે માછીમારોની ફિશિંગ બોટ, મોટા ટ્રોલર, હોડીઓ સહિત અમૂક કિસ્સાઓમાં મત્સ્યબંદરની માળખાકીય સુવિધાઓને પણ મોટાપાયે નુકસાન થયું હોવાનો અંદાજ સામે આવ્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૧૬૦૦ કિ.મીનો સૌથી લાંબો સમુદ્ર કિનારો ધરાવતા ગુજરાતમાં પોરબંદરથી ઉમરગામ સુધીની દરિયાઇ પટ્ટીમાં નાના-મોટા મત્સ્યબંદરો પરથી અનેક સાગરખેડૂ પરિવારો દરિયો ખેડીને માછલી-ઝિંગા જેવા મત્સ્ય ઉત્પાદનો મેળવી તેના વેચાણથી પોતાની આજીવિકા રળીને નિર્વાહ કરતા રહ્યા છે. તાજેતરમાં આ વિનાશક તાઉ-તે વાવાઝોડાએ આવા સાગરખેડૂ ભાઈઓની મત્સ્ય હોડીઓ, ફાઈબર બોટ અને ટ્રોલર તેમજ માછીમારી પરિવારોના કાચા-પાકા મકાનો, બંદર પર બોટ લાંગરવાની સુવિધા-જેટી અને અન્ય માળખાકિય સગવડોને નુક્સાન કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, મત્સ્યોદ્યોગ માટેના આ રાહત પેકેજ જાહેર કરતા પૂર્વે રાજ્યના મત્સ્યદ્યોગ-બંદર વિભાગના મંત્રી જવાહરભાઈ ચાવડા અને સચિવ નલિન ઉપાધ્યાય સહિતના વરિષ્ઠ અધિકારીઓએ અસરગ્રસ્ત જિલ્લા અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથના બંદરોની પ્રત્યક્ષ સ્થળ મુલાકાત લઈને માછીમાર પરિવારોને થયેલા હોડીઓના, મોટીબોટના, ટ્રેલરના તેમજ જેટી-બંદરોને થયેલા નુક્સાનનો સર્વગ્રાહી સર્વે સ્થાનિક માછીમોરોની રજૂઆતો ધ્યાને લઈને કર્યો હતો.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલા રાહત પેકેજમાં ૨૫ કરોડ રૂપિયા સાગરખેડૂ-માછીમારોની બોટ, ટ્રોલર, ફિશિંગનેટ વગેરેને થયેલા નુક્સાન રાહત પેટે તેમજ ૮૦ કરોડ રૂપિયા મત્સ્યબંદરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુક્સાનની મરામત માટે મળીને કુલ રૂપિયા ૧૦૫ કરોડનું આ પેકેજ છે. આ પેકેજની અન્ય વિશેષતાઓ વિશે જોઈએ તો નુકશાન પામેલ બોટના ખલાસીઓને જીવનનિર્વાહ માટે ખલાસી દીઠ ઉચ્ચક રૂ. ૨૦૦૦ની સહાય ખલાસીઓના ખાતામાં સીધા DBTથી ચૂકવવામાં આવશે.

# રાજ્યના અનેક જિલ્લાઓમાં ૪થી ૬ જૂન દરમ્યાન મધ્યમ વરસાદની આગાહી


અમદાવાદ,

ગુજરાતમાં આગામી ૨૦ જૂન બાદ ચોમાસાની શરૂઆત થશે તેવી હવામાન વિભાગ દ્વારા શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ટુંક સમયમાં પ્રી મોન્સૂન એક્ટિવિટીનો પણ પ્રારંભ થવાની તૈયારી છે. જેના ભાગરૂપે રાજ્યના અનેક જિલ્લાઓમાં ૪થી ૬ જુન દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત અમદાવાદમાં પણ હળવા વરસાદની શક્યતાઓની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના મતે રાજ્યમાં હાલ દક્ષિણ પશ્ચિમ દિશાનો પવન છે. આગામી ચાર જૂનના રોજ દમણ, દાદરાનગર હવેલી, દાહોદ, આણંદ, ભાવનગર, અમરેલી, ૫ જૂનના રોજ દમણ, દાદરાનગર હવેલી, અમદાવાદ, આણંદ, ખેડા, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, દિવમાં ૩૦થી૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવા ઉપરાંત હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. હાલની સ્થિતિ પ્રમાણે ગુજરાતમાં જૂનના ત્રીજા સપ્તાહથી ચોમાસાનો પ્રારંભ થઈ શકે છે.

અમદાવાદમાં પણ હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. વરસાદી માહોલ બન્યા પહેલાં જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવા માંડ્યું છે. જેના કારણે બફારો અને ઉકળાટ વધ્યો છે. તૌકતે વાવાઝોડાના પગલે પડેલા ભારે વરસાદના પગલે રાજકોટ અને સુરેન્દ્રનગર સિવાયના રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન હજુ સુધી ૪૦ ડિગ્રીથી નીચે નોંધાયું છે.

# ભારતમાં કોરોનાના વધુ ૧.૩૨ લાખ કેસ, મૃત્યુઆંક ફરી ૩૦૦૦ને પાર



ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના કેસનો આંકડો હવે કાબૂમાં આવતો દેખાઈ રહ્યો છે પરંતુ ગઈકાલની સરખામણીમાં નવા કેસ અને કોરોનાથી થયેલા મૃત્યુઆંકમાં વધારો નોંધાયો છે. ગઈકાલે કોરોનાના કેસ ૧.૩૦ લાખની અંદર પહોંચ્યા હતા અને મૃત્યુઆંક ૩૦૦૦થી ઓછો નોંધાયો હતો, જોકે, પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા આંકડામાં તેમાં વધારો થયો છે. કોરોનાના દર્દીઓ ઘટતા હોસ્પિટલો પરથી હાઉસફૂલના પાટિયા ઉતરવાના શરુ થઈ ગયા છે અને ઓક્સિજનની અછતનું પણ સમાધાન થઈ રહ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે મંગળવારે કોરોનાના વધુ ૧,૩૨,૭૮૮ કેસ નોંધાયા છે, જ્યારે ૩,૨૦૭ દર્દીઓએ એક દિવસમાં જીવ ગુમાવ્યો છે. આ પહેલા સોમવારે નવા કેસની સંખ્યા ૧.૨૭ લાખ રહી હતી અને મૃત્યુઆંક ૨,૭૯૫ નોંધાયો હતો.


૨૪ કલાકમાં વધુ ૨,૩૧,૪૫૬ લોકો કોરોનાને હરાવીને સાજા થયા છે, આ સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૬૧,૭૯,૦૮૫ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાને હરાવનારા દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થવાથી અને નવા કેસમાં ઘટાડો થતા એક્ટિવ કેસનો આંકડો પણ નીચો આવી રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ દેશમાં હાલ ૧૭,૯૩,૬૪૫ એક્ટિવ કેસ છે.

૨૪ કલાકમાં દેશમાં વધુ ૧.૩૨ નવા કેસ નોંધાતા ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૮૩,૦૭,૮૩૨ થઈ ગઈ છે. વધુ ૩.૨૦૭ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૩,૩૫,૧૦૨ થઈ ગયો છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોના રસીકરણ અભિયાન શરુ થયું હતું જેમાં મંગવાર સુધીમાં કુલ ૨૧,૮૫,૪૬,૬૬૭ ડોઝ આપવામાં આવ્યા છે. આઈસીએમઆર મુજબ દેશમાં કોરોના ટેસ્ટ માટે કુલ ૩૫,૦૦,૫૭,૩૩૦ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાં મંગળવારે ૨૦,૧૯,૭૭૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી.

# વિદેશી કોરોના વેક્સિન ભારત લાવવાનો માર્ગ મોકળો, અલગથી ટ્રાયલ નહીં થાય




ન્યુ દિલ્હી,

કોરોના રસીકરણની રફતાર દેશમાં તેજીથી વધારવા માટે અમેરિકી કંપની ફાઈઝર અને મોડર્નાને લઈ સરકાર મોટી છૂટ આપવા રાજી થઈ ગઈ છે. આ સાથે જ બંને કંપનીની વેક્સિનનો ભારત આવવાનો રસ્તો સાફ થઈ ગયો છે. કોરોના રસીના ઉપયોગ સાથે જોડાયેલ કોઈપણ કાનૂની સુરક્ષાની માગને લઈ હવે અમેરિકી કંપની ફાઈઝર અને સરકાર વચ્ચે વાત બનતી જોવા મળી રહી છે. સુત્રોનું માનીએ તો સરકાર એ વાત પર રાજી થઈ ગઈ છે કે, સાઈડ ઈફેક્ટ પર કંપનીને દંડ નહીં ભરવો પડે.

ફાઈઝરની આ માગને કારણે જ તેની રસીને મંજૂરી આપવામાં વિલંબ થઈ રહ્યો હતો. તો ફાઈઝરની ભારતમાં કોઈપણ રસીની મંજૂરી પહેલાં સ્થાનીય પરીક્ષણ મામલે પણ સરકાર સાથે વાતચીત ચાલી રહી હતી. તેમાં પણ કંપનીને છૂટ મળી ગઈ છે. આ પહેલાં ફાઈઝર ટ્રાયલવાળી શર્ત બાદ ઈમરજન્સી ઉપયોગનું આવેદન પરત લઈ લીધું હતું.સરકાર તરફથી કહેવામાં આવ્યું કે, તે ૨૦૨૦ના મધ્યથી જ ફાઈઝર અને મોડર્ના રસી માટે વાતચીત કરી રહી છે. આ ઉપરાંત સરકારે સ્થાનીય સ્તર પર પરીક્ષણની જરૂરતથી છૂટ પણ આપી દીધી છે.

ભારતમાં કહેર મચાવનાર B.1.617 વેરિયેન્ટ સામે અમેરિકાની ફાઈઝર અને મોડર્ના વેક્સિન કારગર સાબિત થઈ છે. ન્યુયોર્ક યુનિવર્સિટીના રિસર્ચમાં માહિતી સામે આવી છે કે. એમઆરએનએ ટેકનિક પર આધારિત બંને વેક્સિન મ્યૂટેશનના ખતરા બાદ પણ ભારતમાં મળેલાં કોરોના વેરિયેન્ટના સ્પાઈટ પ્રોટીન ખતમ કરવામાં સક્ષમ છે. ભારતના શીર્ષ દવા નિયામકે કેન્દ્રીય ઔષધિ પ્રયોગશાળા, કસૌલી દ્વારા વિદેશમાં નિર્મિત કોરોના રસીની તપાસ કરવા અને આવી કંપનીઓ માટે રસીનો ઉપયોગ શરૂ કર્યા બાદ બ્રિજિંગ ટ્રાયલ કરવાની આવશ્યક્તામાં છૂટ આપી દીધી છે જેનાથી વેક્સિનની ઉપલબ્ધતા વધશે. અગાઉ કોઈપણ વિદેશી કંપનીને ભારતમાં કોરોના રસી શરૂ કરવા પહેલાં બ્રિજિંગ ટ્રાયલ કરવું પડતું હતું.

# ૨૦૨૨માં પાંચ રાજ્યમાં સમયસર ચૂંટણી યોજીશુંઃ ચૂંટણીપંચ

ન્યુ દિલ્હી,

૨૦૨૨માં પાંચ રાજ્યમાં સમયસર ચૂંટણી યોજવાનો વિશ્ર્વાસ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ દર્શાવ્યો હતો.

માર્ચ ૨૦૨૨માં ચાર રાજ્ય - ગોવા, મણીપુર, પંજાબ અને ઉત્તરાખંડ તથા મે ૨૦૨૨માં ઉત્તર પ્રદેશમાં હાલની વિધાનસભાની પાંચ વર્ષની મુદત પૂરી થવાની છે.

ચંદ્રાએ જણાવ્યું હતું કે બિહાર, પશ્ર્ચિમ બંગાળ અને અન્ય ચાર રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી વખતે અમે ઘણો અનુભવ મેળવ્યો છે. ચૂંટણી યોજવી એ ચૂંટણીપંચની મુખ્ય ફરજ છે. આવતા વર્ષે પાંચ રાજ્યમાં વિધાનસભાની મુદત પૂરી થાય એ અગાઉ અમે સમયસર ચૂંટણી યોજીને ચૂંટણીમાં જીતનારા ઉમેદવારની યાદી રાજ્યપાલોને સોંપી શકીશું એવો અમને વિશ્ર્વાસ છે.

કોરોનાની બીજી લહેરને ધ્યાનમાં રાખીને શું તેઓ પાંચ રાજ્યમાં ચૂંટણી યોજી શકશે, એવા સવાલના જવાબમાં એમણે પૂર્ણ વિશ્ર્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ચોક્કસ યોજી શકીશું. આમેય કોરોનાની બીજી લહેર હવે ઓસરી રહી છે અને અમે એવી પ્રાર્થના કરીએ છીએ કે થોડા સમયમાં એ સંપૂર્ણ રીતે ઓસરી જશે.

તમે તો જાણો છો કે અમે રોગચાળા દરમિયાન બિહાર અને પશ્ર્ચિમ બંગાળ સહિત ચાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં સમયસારણી પ્રમાણે ચૂંટણી યોજી હતી. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુરમાં ભાજપનું શાસન છે અને પંજાબમાં કોંગ્રેસની સરકાર છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

તાવિયાડ સોનલબેન કાળુભાઈ
મુ. પીપલીયા, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બામણીયા છત્રસીંહ સોનાભાઈ
મુ. ચીલાકોટા, તા. લીમખેડા

## ઓનલાઈન ટેન્ડરીંગ
## માર્ગ અને મકાન વિભાગ
## જાહેર નિવિદા-૦૮ સનેઃ૨૦૨૧-૨૨
## ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસે મકાનની મરામત, રીસ્ટોરેશન રોડ, એપ્રોચ રોડ અને નવીન કંમ્પાઉન્ડ વોલના ચાર કામો માટે ઓનલાઈન ટેન્ડરો, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૩.૧૭ લાખ થી રૂા.૩૯.૦૦ લાખ સુધીની રહેશે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ http://rnb.nprocure.com પર તા.૧૪.૬.૨૦૨૧, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે અને તા.૧૪.૦૬.૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે.

જ્યારે કામોનું ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૧૪.૬.૨૦૨૧ થી તા.૨૧.૬.૨૦૨૧ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજ સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ ગોધરા
માહિતી/ગોધરા/૧૬૦/૨૦૨૧

## ઓનલાઈન ટેન્ડરીંગ
## માર્ગ અને મકાન વિભાગ
## જાહેર નિવિદા-૦૯ સનેઃ૨૦૨૧-૨૨ (બીજો પ્રયત્ન)
## ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા ખાસ કક્ષા–III (રસ્તા) તથા તેની ઉપરની યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ગોધરા અને હાલોલ પેટા વિભાગના રસ્તાઓની માયક્રોસરફેસીંગ અને આસફાલ્ટ પેઈન્ટીંગ વર્કની કામગીરી માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ http://rnb.nprocure.com પર તા.૧૭.૬.૨૦૨૧, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૧૭.૦૬.૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

જ્યારે કામોના ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૧૭.૦૬.૨૦૨૧ થી તા.૨૪.૦૬.૨૦૨૧ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન ટેન્ડર શાખાનો સંપર્ક સાધવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ ગોધરા
માહિતી/ગોધરા/૧૫૯/૨૦૨૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૯ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, લુણાવાડા તાલુકાની- ૦૧ સ્ત્રી, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૨૧ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની-૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, કડાણા તાલુકાની-૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની-૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૧૨૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૫૦૦૨૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૭૪ દર્દી હોમઆઇસોલેશનમાં, ૧૧ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૨૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૧૧૫ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮૪ દર્દીઓ સ્ટેબલ, ૪૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## લુણાવાડા તાલુકા પંચાયતમાં શાસક પક્ષે આયોજન બારોબાર ઘડી કાઢતા વિરોધ પક્ષમાં લોકપક્ષ દ્વારા હોબાળો : TDOને રજુઆત

ખારોલ,
લુણાવાડા તાલુકા પંચાયતમાં આયોજન ઘડવાના મુદ્દે શાસક ભાજપ સામે ઉપેક્ષા સેવવાનો આક્ષેપ કરી કોંગ્રેસ ટી.ડી.ઓ.એ વિરોધપત્ર પાઠવ્યો છે.

કોંગ્રેસ તાલુકાનુ આયોજન શાસક અને વિપક્ષે ભેગા મળીને કરવાનુ હોવા છતાં શાસકપક્ષ નેતાને અંધારામાં રાખી આયોજન ઘડી કાઢયા પછી તે સંબંધમાં અસ્પષ્ટ જવાબો આપી પોતાની ઘરાર અવગણના કરાઈ રહી હોવાનો આક્ષેપ વિરોધપત્રમાં કર્યો છે તેમણે યોગ્ય ન્યાય નહિ મળે તો અહિંસક ઘર્ષણના માર્ગ અપનાવવાની ચિમકી પણ પત્રમાં ઉચ્ચારી છે.

જો કે, ટી.ડી.ઓ.ને કોંગ્રેસના જુસ્સા પર ઠંડુ પાણી રેડતા જણાવુ દીધુ હતુ કે, મને આની કોઈ જાણ નથી. પ્રમુખ સાથે વાત કર્યા પછી જ કાંઈ કહી શકાશે. કોંગ્રેસના પ્રવકતાએ આ અંગે ટિપ્પણી કરી હતી કે, ટી.ડી.ઓ.એકપક્ષી જતણ વલણ ધરાવી રહ્યા છે. તેમનુ વર્તન આશ્ચર્યજનક રહ્યુ હતુ. આયોજન કરવા બેઠક વિપક્ષની જાણ બહાર બોલાવાઈ હતી. તેથી વિપક્ષે જયારે પ્રમુખને પુછ્યુ ત્યારે એવો જવાબ મળ્યો છે, એ વેળાએ આયોજન તો થઈ ગયુ આવતી વખતે જોઈશુ. આ સંબંધમાં જો કોઈ નકકર કાર્યવાહી નહિ હાથ ધરાવે તો કોંગ્રેસ અહિંસક રીતે ઘર્ષણનો માર્ગ અપનાવશે.

# દાહોદ ગોદી રોડ ગોડાઉન માંથી તમાકું, વિમલ અને સીગારેટના ચોરીના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપ્યા

દાહોદ,
દાહોદના ગોદીરોડ ખાતે ગોડાઉનમાં મુકેલ વિમલ-ગુટખા-તમાકુ સીગારેટના ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો, આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી મુદ્દામાલ રીકવર કરતી દાહોદ ટાઉન પોલીસ.

દાહોદમાં ઉકરડી રોડ, મુર્તુજા એપાર્ટમેન્ટ સામે, મહાવીર નગર સોસાયટી, ગોદીરોડ, દાહોદ, ખાતે આવેલ ગોડાઉનમાં તા.૧૭/૦૫/૨૦૨૧ ના બપોરના કલાક.૧૪:૦૦ વાગ્યા થી તા.૧૮/૦૫/૨૦૨૧ ની સવારના કલાક.૧૦:૦૦ વાગ્યાના સમય દરમ્યાન ચોરીનો બનાવ બનેલ હતો જે ચોરીના ગુનાનો ભેદ દાહોદ ટાઉન પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી લઈ ચોરી કરનાર ઇસમોને ઝડપી પાડી તેમની પાસેથી મુદ્દામાલ પણ રિકવર કર્યો હતો.

મળતી વિગતો અનુસાર, દાહોદના ગોદીરોડ ખાતે આવેલ ગોડાઉનનું લોક તોડી અંદર પ્રવેશ કરી ગોડાઉનમાંથી રૂ.૫/- M.R.P વાળો ૩૦ કાર્ટુન તમાકુના ૦૬ કાર્ટુન સાથે એમ મળી કુલ ૩૬, કાર્ટુન, વિમલના રૂ.૨૦/- M.R.P વાળા ૦૨ કાર્ટુન તમાકુ સાથે ૦૨ કાર્ટુન એમ કુલ ૦૪ કાર્ટુન, બુધાલાલ ૦૫ કાર્ટુન, બાગબાન ૧૩૮ તમાકુ ૦૨ કાર્ટુન, બિસ્ટોલનું ૦૧ કાર્ટુન તથા સુપર સ્ટાર સીગારેટનું ૦૧ કાર્ટુન મળી કુલ ૪૯ કાર્ટુન જેની આશરે કિ.રૂ.૧,૯૦,૦૦૦/- ની ચોરી થઈ હોવાની ફરીયાદ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશન દાખલ થયેલ હતો. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઇ ઉચ્ચસ્તરીય તપાસ તેમજ માર્ગદર્શન દાહોદ શહેર પોલીસને આપવામાં આવ્યું હતું. જે સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ શહેર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.આ દરમિયાન ગત રોજ પોલીસને બાતમી હકીકત મળેલ કે, દાહોદ ગોદીરોડ મહાવીર નગર સોસાયટી ખાતે વિમલ-તમાકુ-બુધાલાલ, બાગબાન તમાકુ, બિસ્ટોલ તથા સીગારેટ તથા અન્ય મુદ્દામાલની ચોરી કરનાર ઇસમ ગરબાડા તાલુકાના કીરીટભાઇ માનસિગભાઇ રાઠોડ રહે.નવાગામ તા.ગરબાડા તથા નિલેશભાઇ હકરાભાઇ ભુરીયા રહે.ગાંગરડી રોડ પાસે, તા.ગરબાડા જી.દાહોદનાઓ છે અને તેઓએ સદર ચોરીનો મુદ્દામાલ તેમના પોતાના ઘરમાં સંતાડી રાખેલ છે. જે બાબતની જાણ દાહોદ શહેર પોલીસને થતા પોલીસે જુદી જુદી ટીમો બનાવી બાતમીવાળા ઇસમો નામે (૧) કીરીટભાઇ માનસિંગભાઇ રાઠોડ રહે.નવાગામ, તા.ગરબાડા તથા (૨) નિલેશભાઇ હકારાભાઇ ભુરીયા, રહે.ગાંગરડી રોડ પાસે, તા.ગરબાડા જી.દાહોદનાઓના ઘરે જઇ ઝડતી તપાસ કરતા આ બંને ઇસમો તેમના પોતાના ઘરે હાજર મળી આવતા તેમને પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓને વારાફરતી પુછપરછ કરતા દાહોદ ગોદીરોડ, મહાવીર નગર સોસાયટી ખાતેથી વિમલ- તમાકુ-બુધાલાલ, બાગબાન તમાકુ, બિસ્ટોલ તથા સીગારેટ તથા અન્ય મુદામાલની ચોરી કર્યા હોવાની કબુલાત કરેલ અને સદર ગુનો (૧) કીરીટભાઇ માનસિગભાઇ રાઠોડ તથા (૨) નિલેશભાઇ ઉકાભાઇ ભુરીયા તથા (૩) અશોકભાઇ ગમરાભાઇ ભુરીયા તથા (૪) રાહુલભાઇ જાલુભાઇ ભુરીયાનાઓએ સાથે મળી ચોરી કર્યા હોવાની કબૂલાત પણ કરી હતી. આ ઈસમો પૈકી આરોપી નં.(૧) કીરીટભાઇ માનસિંગભાઇ રાઠોડનાને સાથે રાખી તેના ઘરની ઝડતી તપાસ કરતા તેના ઘરમાં સંતાડી રાખેલ વિમલ,તમાકુ,બુધાલાલ તથા અન્ય ચોરીનો મુદામાલ મળી આવેલ તેમજ સદર ચોરી કરવા માટે ઉપયોગમાં લીધેલ છોટા હાથી ટેમ્પો મળી આવેલ હતો. જે ટેમ્પામાં સંતાડી રાખેલ વિમલ, સીગારેટ, તમાકુ વિગરે ચોરીનો મુદામાલ મળી આવેલ તેમજ વેચેલ મુદ્દામાલના રોકડ રકમ રૂપિયા એક લાખ મળી આવતા જે આરોપીએ મુદામાલ વેચી પોતાની પાસે રૂપિયા મુકી રાખ્યાનું જણાવતા સદર રોકડ રકમ રૂ.૧,૦૦,૦૦૦/- ગુનાના કામે કબ્જે લીધેલ છે.

ત્યારબાદ આરોપી નં.(૨) નિલેશભાઇ હકરાભાઇ ભુરીયા તથા આરોપી નં.(૩) અશોકભાઇ ગમરાભાઇ ભુરીયા તથા આરોપી નં.(૪) રાહુલભાઇ જાલુભાઇ ભુરીયાનાઓએ ચોરીનો મુદ્દામાલ સંતાડી રાખેલ જેમાં વિમલ, તમાકુ, બીડીના બોક્ષ , સીગારેટ તથા અન્ય ચોરીનો મુદ્દામાલ મળી આવતા આરોપીઓને પકડી ગુનાના કામે અટક કરી ચોરીનો મુદામાલ કબ્જે લીધેલ છે. આમ, દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનના વિમલ-ગુટખા- તમાકુના ઘરફોડ ચોરીના અનડીટેકટ ગુનાને ડીટેકટ કરી આરોપી (૧) કીરીટભાઇ માનસિંગભાઇ રાઠોડ રહે.નવાગામ, તા.ગરબાડા તથા (૨) નિલેશભાઇ હકારાભાઇ ભુરીયા રહે.ગાંગરડી રોડ પાસે, તા.ગરબાડા જી.દાહોદ તથા (૩) અશોક ગમરાભાઇ ભુરીયા તથા (૪) રાહુલ જાલુભાઇ ભુરીયાનાઓને પકડી અટક કરી ચોરીનો મદ્દામાલ તથા રોકડ રકમ રૂ.૧,૦૦,૦૦૦/- રીકવર કરવામાં સફળતા મળે છે.

## દાહોદ મોટા ઘાંચીવાડ વિસ્તારમાં ખુલ્લી વીજ ડીપી થી કરંટ લાગતા ગાયનું મોત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરના વોર્ડ નંબર ૦૬ મોટાઘાંચીવાડ વિસ્તારમાં ચાલુ વીજ ડીપી ખુલ્લી હાલતમાં હોવાને કારણે ત્યાંથી પસાર થઈ રહેલ એક એક ગાય આ વીજ ડીપીના સંપર્કમાં આવી જતાં અને તેને કરંટ લાગતાં ઘટના સ્થળ પર અબોલા પશુ ગાયનું મોત નીપજ્યું હતું. સ્માર્ટ સીટી દાહોદમાં અનેક વિધ કામો પ્રગતિના પંથ પર વધી રહ્યાં છે પરંતુ ક્યાંકને ક્યાંક આ કામોને કારણે શહેરવાસીઓને અનેક મુશ્કેલીનો સામનો પણ કરવો પડી રહ્યો છે. મંથરગતિએ ચાલતી કામગીરી અને અનુભવી કોન્ટ્રાકટર અને તજજ્ઞોના અભવાને શહેરમાં આડેધડ કામગીરી કરવામાં આવી રહી હોવાની પણ ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે વાત કરી શહેરના વોર્ડ નંબર ૦૬ની તો આ વોર્ડ નંબરના મોટાઘાંચીવાડ, ફાતેમાં મસ્જીદ આગળ આવેલી એક ખુલ્લી અને વીજ પ્રવાહ ચાલુ એવી મધ્ય ગુજરાત વીજ કંપનીની ડીપીની સામે લોખંડના વિજપોલમાંથી નીકળતાં કરંટે આજે એક અબોલા પશુનો જીવ લઈ લીધો છે. ગાયના મોતને પગલે સ્થાનીકોમાં ભયનો માહોલ પણ ઉભો થવા પામ્યો છે. આજે એક નિર્દોષ અને અબોલા પશુએ જીવ ગુમાવ્યો છે. તો ક્યારે કોઈ માનવ જાતને હાની પહોચશે તો તેની જવાબદારી કોણી? જાણવા મળ્યા અનુસાર, અહીંના સ્થાનીકો દ્વારા સંલગ્ન તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાંય આજદિન સુધી આ વીજ ડીપીનું સમારકામ અથવા તો કોઈ ચોક્કસ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં સંલગ્ન તંત્ર દ્વારા આ ડીપી તરફ ધ્યાન દોરે તે અત્યંત આવશ્યક બન્યું છે.

## હાલોલ થી ચોરેલ એનફિલ્ડ બાઈક ઉપર લટાર મારતાં દાહોદમાં બે યુવકો ઝડપાતા જેલમાં ધકેલાયા

દાહોદ,
પંચમહાલના હાલોલમાંથી રોયલ એનફીલ્ડ મોટરસાઈકલની ચોરી કરી દાહોદમાં લટાર મારતાં બે યુવકોને પોલીસે ચોરીની મોટરસાઈકલ સાથે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળે છે. ધાડ, લુંટ, ઘરફોડ ચોરી, મિલ્કત સંબંધી બનતા ગુન્હાઓને અટકાવવા સારૂ દાહોદ શહેર પોલીસને મળેલ ઉચ્ચ સ્તરીય સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ શહેરમાં વાહન ચેકીંગ સહિતની કામગીરી હાથ ધરી રહી છે. ત્યારે ગતરોજ દાહોદ શહેર પોલીસ શહેરના યાદગાર ચોક ખાતે વાહન ચેકીંગ હાથ ધરી રહી હતી. આ દરમ્યાન ત્યાંથી એક રોયલ એનફીલ્ડ બુલેટ પર સવાર થઈ બે વ્યકિતઓ પસાર થતાં પોલીસને મોટરસાઈકલ પર અને તેની ઉપર સવાર બંન્ને યુવકો પર શંકા જતાં મોટરસાઈકલ ઉભી રખાવી બંન્ને યુવકોની પુછપરછ સહિત મોટરસાઈકલના કાગળો દર્શાવવાની માંગણી કરી હતી, પરંતુ મોટરસાઈકલના કાગળો દર્શાવવામાં બંન્ને યુવકો ગભરાતાં અને મોટરસાઈકલની આગળ, પાછળની નંબર પ્લેટ કાઢી નાંખેલ હોવાનું પોલીસને જણાતાં પોલીસે સખ્તતાઈથી બંન્ને યુવકોની પુછપરછ કરતાં એકે પોતાનું નામ મેહુલ કૈલાશચંદ્ર પરમાર (ઉ.વ.૨૧, રહે.જુની કોર્ટ રોડ, ડબગરવાસ, દાહોદ) અને બીજાએ પોતાનું નામ હિતેશભાઈ કમલેશભાઈ નીનામા (ઉ.વ.૨૨, રહે.કે.કે. સજીર્કલની ગલી, દાહોદ) જણાવ્યું હતુ અને આ મોટરસાઈકલ હાલોલથી ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી. આ બાદ દાહોદ શહેર પોલીસે મોટરસાઈકલ કબજે લઈ બંન્ને યુવકોને જેલના સળીયા પાછળ ધકેલી દઈ હાલોલ પોલીસને આ મામલે જાણ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંતરામપુર તાલુકા એ ૫ લાખ લીટરનો સંપ બનાવ્યો છતાં નગરજનોને પાંચ દિવસે પાણી મળે છે



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરપાલિકા દ્વારા ભારત ઉનાળાની અંદર સંતરામપુર સ્થાનિક રહીશોને ચાર થી પાંચ દિવસે પાણી મળતા ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સંતરામપુર નગરપાલિકા દ્વારા ૨૦૧૮ની સાલમા સંતરામપુર નગરજનોની ઉનાળામાં પાણીની તકલીફ ન પડે અને પાણીનો સંગ્રહ કરી શકાય તેના હેતુથી ૫ લાખ લીટર પાણીનો સંગ્રહ કરી શકાય તેઓ સમ બનાવવામાં આવેલો હતો. કરોડ રૂપિયા ખર્ચ કરીને પરંતુ હજુ પણ સંતરામપુર નગરજનોની ઉનાળામાં ચાર થી પાંચ દિવસે પાણી મળે છે અને તે પણ તેની સમયમર્યાદા નક્કી કરેલી છે. ભરઉનાળામાં સ્થાનિક રહીશોને પાણી માટે વલખાં મારવા પડે છે. સંતરામપુર નગરપાલિકામાં સ્થાનિક રહીશો પાણી માટેની રજૂઆત કરે તો નગરપાલિકામાંથી વર્ષોથી એક જ જવાબ આપે છે કેમ મારા વાડામાં લાઈટ નથી, પરંતુ પાણી સંગ્રહ કરવા માટે સમ બનાવવામાં આવેલો છે અને પાણી સંગ્રહ કરી શકાય છે. પરંતુ નગરપાલિકાનો કથળેલો વહીવટ અને નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રમુખ અને બોર્ડના સભ્યો વહીવટીમાં ખામી અને બેદરકારીના કારણે સ્થાનિક રહીશોને પાણી માટે વલખાં મારવા પડે છે. આજ દિન સુધી સંતરામપુર નગરના વોર્ડ વિસ્તારમાં ચૂંટાયેલા સભ્યો અને પ્રમુખ સ્થાનિક રહીશોની રજૂઆત કે વાત સાંભળવા તૈયાર નથી અને કોઈ પણ પ્રશ્નનો નિકાલ કરવા તૈયાર નથી. હવે સંતરામપુર નગરપાલિકા પર સ્થાનિક રહીશોનો વિશ્વાસ જ નથી રહ્યો નગરપાલિકા સ્થાનિક રહીશોનો પ્રશ્નોનો નિકાલ કરવા અને નગરનો વિકાસ કરવામાં નિષ્ફળ નીવડેલી છે સ્થાનિક રહીશોની માગણી છે કે અમે સમયસર પાણી મળે તેવી માંગ ઊભી થઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૩-૦૬-૨૦૨૧, ગુરૂવાર, વૈશાખ વદ-૯, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.શ.સ.), નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટ્યું : ૭ કેસો નોંધાયા

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણની ગતિ સતત ઘટી રહી છે. આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૦૭ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૫૧૨ થવા પામી છે. આજે ૫૯ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૨૩૦ થવા પામી છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૦૧કેસ મળી આવ્યો છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૪૮૭ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૦૪ કેસ, હાલોલ ગ્રામ્યમાંથી ૦૧ કેસ અને મોરવા હડફ ગ્રામ્ય ૦૧ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૪૦૨૫ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૫૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૯૦૯૬ થવા પામી છે. આજે ૪૫ વર્ષથી ઉપરના કુલ ૨૦૫ વ્યકિતઓને રસી આપવામાં આવી હતી.

## દૈનિક રાશીફળ

તા.૦૩.૦૬.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો.

વૃષભ(બ.વ.ઉ.):- ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો.

મિથુન(ક.છ.ઘ.):- વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

કર્ક(ડ.હ.):- આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે

સિંહ(મ.ટ.):- તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

કન્યા(પ.ઠ.ણ.):- તબિયત પર ધ્યાન આપવું પડશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

તુલા(ર.ત.):- યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે.

વૃશ્ચિક(ન.ય.):- તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે.

મકર(ખ.જ.):- બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે.

કુંભ(ગ.શ.સ.):- આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે [redacted] સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। તમારા પિ[redacted]લાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે.

મીન(દ.ચ.ઝ.):- આશાવાદી બનો [redacted]ાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપે[redacted]ી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે[redacted]ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લ[redacted]

## દાહોદ જીલ્લામાં કોરોના કેસમાં ઘટાડો થયો : આજરોજ ૦૩ પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે માત્ર કોરોનાના ૦૩ પોઝીટીવ કેસો નોંધાયાં છે. પરમ દિવસે શુન્ય,ગઈકાલે ૦૯ અને આજે ૦૩ કેસનો સમાવેશ થયાં છેલ્લા કેટલાંક દિવસોથી કોરોનાના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોનાની ત્રીજી લહેરની તૈયારીઓ પણ આરંભ કરી દીધી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૪૫૬ પૈકી ૦૦ અને રેપીટ ટેસ્ટના ૬૮૦ પૈકી ૦૩ મળી આજે ૦૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૦૩ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૧ અને દાહોદ ગ્રામ્યમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આ સિવાય અન્ય તાલુકાઓમાં આજે શુન્ય કેસ નોંધાયાં છે. આજે પણ કોરોનાથી એકપણ દર્દીનું મોત નીપજ્યું ન હતું. આજે વધું ૧૬ દર્દીઓએ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં ઘટતાં કોરોનાના કેસો અને કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં વધારો થતાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે અત્યાર સુધી ૧૦૪ લોકો કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કુલ આંકડો ૭૦૯૨ને પાર થઈ ગયો છે ત્યારે કુલ મૃત્યુઆંક ૩૩૮ ને પાર થઈ ગયો છે.

## કડાણા દાહોદ પીવાના શુધ્ધ પીવાના પાઈપ લાઈનમાં લીકેજ બંધ કરવાને બદલે લીકેજ વાળી જગા પર થેળો બધા



દાહોદ,
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કંકાસીયા ગામે કડાણા થી દાહોદ આવતી પીવાના શુધ્ધ પાણીની એકસપ્રેસ લાઈન ના વાલ્વ આવેલો છે. આ પાઈપ લાઈનમાં છેલ્લા ઘણા સમયથી પીવાનું શુદ્ધ પાણીનો વેડફાળ થઈ રહ્યો છે. જેથી સ્થાનિકો દ્વારા પાણી પુરવઠા વિભાગની વારંવાર અનેકો વાર રજુઆત કરવા છતાં કોઈ સક્રિય કમાંગીરી કરવામા આવતી નથી એમ સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું છે. જયારે હાલમાં વારમવાર રજુઆત કરવા ને લઈ પાણી પુરવઠા વિભાગના લાગતા વળગતા અધિકારીઓ સ્થળપર આવી લીકેજ બંધ કરવાને બદલે લીકિજ વાળી જગા પર થેળો બાંધી દેતા આચર્ય સર્જાયુ હતું.

## પંચમહાલ જિલ્લાના ડાંગર પકવતા ખેડૂતો માટે પાનમ જળાશયમાંથી સિંચાઈ માટે પાણી આપવા APMC ગોધરાના ચેરમેનની રજુઆત

ગોધરા,
પંચમહાલ જિલ્લાનું મુખ્ય પાક ડાંગરનો છે. અને હાલ ચોમાસામાં ડાંગરના ધરૂં કરવા માટે પાણીની ખૂબ જરૂરિયાત છે. પાનમ જળાશયમાં પાણીનો જથ્થો હોઈ, આગામી ટુક સમયમાં ચોમાસામાં પાનમ જળાશયમાં પાણીની આવકમાં પણ વધારો થવાનો છે. જેથી સિંચાઈ માટે પાણી આપી શકાય તેમ હોઈ પંચમહાલના ડાંગર પકવતા ખેડૂતોના હિતમાં પાનમ જળાશય અને હાઈ લેવલ કેનાલમાંથી સિંચાઈ માટે પાણી આપવા અધિક્ષક ઈજનેર, પાનમ સિંચાઈ વર્તુળને બજાર સમિતિ ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ વી. ચૌહાણ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં ઝોલાછાપ તબીબોનો જમાવડો : ૬ બોગસ તબીબોને પોલીસે ઝડપ્યા

- SOG પોલીસ અને હેલ્થ ઓફિસરની ટીમે રેઈડ કરીને ડીગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા તબીબોને ઝડપ્યા.
- જીલ્લાના અનેક તાલુકાના અંતરિયાળ ગામોમાં ઝોલાછાપ તબીબો દવાખાનારૂપી હાટડીઓ ચલાવી રહ્યા છે.

ગોધરા,

પંચમમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોની ભોળી ભાળી પ્રજાના આરોગ્ય સાથે બોગસ ડીગ્રી વગરના ઝોલાછાપ તબીબો ચેડા કરતાં હોય છે. જીલ્લાના અંતરિયાળ ગામોને આવા બોગસ ઝોલાછાપ તબિબો કમાવાનું આશ્રય સ્થાન બનાવતા હોય છે. હાલમાં જીલ્લા પોલીસવડાની સીધી સુચનાથી એસ.ઓ.જી. પોલીસ અને આરોગ્ય વિભાગની હેલ્થ ઓફિસરની ટીમને સાથે રાખીને જીલ્લાના વિવિધ સ્થળો એ રેઈડ કરી હતી અને ૬ બોગસ તબીબોને દવાઓના જથ્થા અને મેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.


સરનંદુ હલદર, વેજલપુર


નિર્મલેન્દુ હલદર, વેજલપુર


ગીરીશભાઈ પટેલ, શિવરાજપુર


સાદીક મલા, ગોધરા


ઉવેશ સદામસ અને સુફીયાન વાઢેલ, ગોધરા

પંચમહાલ જીલ્લો આદિવાસી બહુમૂલ્ય ધરાવતો હોય અને લોકો ભોળાભાળા હોય તેનો ફાયદો ઉઠાવવા માટે પરપ્રાંતિય બોગસ અને ડીગ્રી વગરના ઝોલાછાપ તબીબો ગ્રામ્ય વિસ્તારોમાં દવાખાનું શરૂ કરીને આશ્રય સ્થાન પણ બનાવે છે. ડોકટરને ધરતીપરનો ભગવાન માનવામાં આવતો હોય ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં દવાખાના ખોલીને બેઠેલા બોગસ તબીબોની ઓળખ ભોળી પ્રજા કરવા સક્ષમ હોતી નથી. પરિણામે આવા બોગસ તબીબો લોકોના આરોગ્ય સાથે ચેડા કરીને તબીબી સારવાર કરીને નાણા કમાતા હોય છે. પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અવારનવાર આવા બોગસ અને ડીગ્રી વગરના તબીબોને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવતા હોય છે. હાલ કોરોના મહામારીના સમયમાં આવા બોગસ અને ઝોલાછાપ તબીબો ગ્રામ્ય વિસ્તારોમાં ચેડા કરતા હોય છે.

**એસ.ઓ.જી. પોલીસ અને આરોગ્ય વિભાગના હેલ્થ ઓફિસર દ્વારા જીલ્લાના વિવિધ સ્થળો એ રેઈડ કરીને ૬ જેટલા બોગસ તબીબોને ઝડપી પાડવામાં આવ્યા છે. પરંતુ આવા બોગસ ડીગ્રી વગરના ઝોલાછાપ તબીબો જીલ્લાના મોરવા(હ) તાલુકાના અંતરિયાળ ગામોમાં ઘોઘંબા તાલુકાના ગામો, ગોધરા તાલુકાના ગામો, શહેરા તાલુકાના ગામોમાં લોકોનો વિશ્વાસ જીતીને દવાખાનારૂપી હાટડીઓ ચલાવી રહ્યા છે. અને ભોળી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા હોય છે. જો મોરવા તાલુકા, ઘોઘંબા, શહેરા અને ગોધરા તાલુકાના તબીબોની સંખ્યા વધશે આવા બોગસ ડીગ્રી વગરના ઝોલાછાપ તબીબોને ઝડપી પાડીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોય રોકવા જરૂરી છે.**

ત્યારે પંચમહાલ જીલ્લા પોલીસવડાની સીધી સુધના થી એસ.ઓ.જી. પોલીસ દ્વારા આરોગ્ય હેલ્થ ઓફિસર અને ટીમને સાથે રાખીને જીલ્લાની વિવિધ ગામોમાં રેઈડ કરતી હતી. રેઈડ કાર્યવાહી દરમ્યાન કાલોલ તાલુકાના એરાલ બજાર ફળીયામાં દવાખાનું ચલાવતા ડીગ્રી વગરના પશ્ચિમ બંગાળના બોગસ તબીબ ઉજ્જવલ નિર્મલેન્દ્ર હલદરના દવાખાના ઉપર રેઈલ કરવામાં આવી હતી. રેઈડ દરમ્યાન ૬૫ પ્રકારની એલોપેથીક દવાઓ કિંમત ૫૪,૮૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

કાલોલના એરાલ નિશાળ ફળીયામાં દવાખાનું ચલાવતા બોગસ તબીબ સરનંદુ શુકલાલા હલદર હાલ રહે.એરાલ અને મુળ પશ્ચિમ બંગાળના દવાખાના ઉપર રેઈડ કરી દવાખાના માંથી ૪૭ પ્રકારની દવાઓ કિંમત ૪૨,૦૮૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

હાલોલ તાલુકાના શિવરાજપુર ઘોડા ફળીયામાં દવાખાનું ચલાવતા બોગસ તબીબ ગીરીશભાઈ પ્રમોદભાઈ પટેલ રહે. ઘોડા ફળીયા શિવરાજપુરના દવાઓ કિંમત ૨,૨૬,૮૧૩/– રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા શહેર પશ્ચિમ વિસ્તારમાં કેપ્સુલ ફેકટરી પાસે મણકી કોમ્પ્લેકસમાં દવાખાનું ચલાવતા બે બોગસ તબીબો સુફીયાન મહેબુબભાઈ વાઢેલ રહે.મેંદા પ્લોટ, ગોધરા, ઓવેશ ઈલ્યાસભાઈ સદામસ રહે.જહુરપુરા, પોસ્ટ ઓફિસ સામેના દવાખાનામાં રેઈડ કરી તપાસ કરતાં દવાખાના માંથી ૧૯ પ્રકારની દવાઓ કિંમત ૭૭,૯૪૩/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે.

ગોધરા શહેર પશ્ચિમ વિસ્તારમાં મીમ મસ્જીદ પાસે સિગ્નલ ફળીયામાં દવાખાનું ચલાવતા બોગસ તબીબ સાદીક મોહમંદ સઈદ મલાના દવાખાના ઉપર રેઈડ કરીને ૧૦,૮૭૬/– રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પંચમહાલ જીલ્લામાં ડીગ્રી વગર એલોપેથીક દવાઓ કરીને લોકોની સારવાર કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં ૬ બોગસ ડીગ્રી વગરના ઝોલાછાપ તબીબોને ઝડપી તેમની પાસેથી ૩૫૦ પ્રકારની દવાઓ કિંમત ૪,૧૨,૫૯૩/– રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ તમામ બોગસ તબીબો વિરૂદ્ધ મેડીકલ પ્રેકટીસ એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## હાથણી માતાના ધોધને પ્રવાસ સ્થળ તરીકે વિકસાવવા આપ પાર્ટીની માંગ

ઘોઘંબા,

પંચમહાલ આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆ એ આજ રોજ ઘોઘંબા તાલુકાના બાકરોલ ગામની મુલાકાત લીધી હતી. અને સ્થાનિક ગામના આગેવાનો સાથે મળી મિટિંગ કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક સમસ્યાઓ જાણવા ચર્ચા કરવામાં આવી.

જેમાં ઘોઘંબા તાલુકામાં એક માત્ર પ્રવાસન સ્થળ હાથણી માતાનો ધોધ છે. જ્યાં ચોમાસામાં લાખો લોકો આ સ્થળ ઉપર આવે છે અને પાણીના ધોધ અને પ્રકૃતિના આહ્લાદક વાતાવરણનો ભરપૂર આનંદ લે છે. આ ધોધ ચોમાસાની ઋતુમાં વરસાદના પાણી આધારીત છે. જે ચોમાસા દરમ્યાન સ્થાનિક લોકોને રોજગારી મળે છે. ત્યારે આ સ્થળનો વિકાસ થાય અને આ સ્થળે જો કાયમી પાણીનો ધોધ પાડવામાં આવે તો પ્રવાસન સ્થળનો વિકાસ થાય, સ્થાનિક લોકોને રોજગારી મળે એવી ચર્ચા કરતાં વિચારણા કરવામાં આવી. જો નર્મદા કેનાલનું પાણી આ ધોધ ઉપર પાડવામાં આવે તો ચોમાસા સિવાયની બાકીની સીઝનમાં પણ અહી પ્રવાસીઓ આવે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ચર્ચાની સાથે જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ જણાવ્યું કે, જો આ ધોધ ઉપરથી પડતું પાણી જ્યાં આગળ વહે છે તેને કેનાલ બનાવી આગળના ઘોઘંબા અને હાલોલ તાલુકાના ખેડૂતો માટે સિંચાઇ કરવાના ઉપયોગમાં લેવામાં આવે તો, સ્થાનિક લોકોને રોજગારી મળે, આ વિસ્તારના ગામોના લોકોને પીવાનુ પાણી મળે અને ઘોઘંબા તથા હાલોલ તાલુકાના ૧૦૦ જેટલા ગામોના ખેડૂતોને સિંચાઈનો લાભ મળે. એમ એક કામ કરવાથી પ્રવાસન સ્થળનો વિકાસ થાય, લોકોને રોજગારી મળે, પીવાનું પાણી મળે અને કેટલાક ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળે. એવી સામૂહિક લાભ મળે તેવી યોજના બાબતે રજૂઆત કરવાની ચર્ચા કરવામાં આવી.

## શહેરા અણીયાદ ચોકડી પાસે પસાર થતા માર્ગ ઉપર વિલાયતી નળિયા ભરેલ ટેમ્પો પલ્ટી ખાતા સાતને ઈજાઓ

શહેરા,

શહેરા અણીયાદ ચોકડી પાસે પસાર થતા માર્ગ ઉપર વિલાયતી નળિયા ભરેલ ટેમ્પો પલ્ટી ખાતા સાત જેટલા લોકો ને નાની મોટી ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્તો તમામ ને રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જેમાં બે ઈજાગ્રસ્તો ને વધુ સારવાર અર્થે ગોધરા ખસેડવામાં આવ્યા છે. તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા ઈજાગ્રસ્તોના મદદે દોડી આવ્યા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા મોરવા રેણા માર્ગ ઉપર વિલાયતી નળીયા ભરેલ ટેમ્પો ધામણોદ તરફ જઈ રહયો હતો. ત્યારે અણીયાદ ચોકડી પાસે ૮ થી વધુ લોકો બેઠેલ ટેમ્પો પલટી ખાઇ ગયો હતો. ટેમ્પો પલટી ખાતા વિલાયતી નળીયા નીચે ૫ થી વધુ લોકો દબાઈ જતા બૂમાબૂમ કરવા માડી હતી. તે સમયે ત્યાંથી પસાર થતા રાહદારીઓ આવી જઈને તમામને વિલાયતી નળિયા નીચેથી બહાર કાઢીને ૧૦૮ને કોલ કર્યો હતો. આ બનેલા બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા તમામને ૧૦૮ ઈમરજન્સી સેવામાં રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલ ખાતે રતનભાઈ ભેમાભાઈ માલીવાડ, જગદીશભાઈ રતનભાઈ માલીવાડ, કમલેશભાઈ માલીવાડ, શૈલેષકુમાર રતનભાઈ માલીવાડ તેમજ ગોવિંદભાઈ માલીવાડ અને મહેશભાઈ માલીવાડ સહિતના તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવવા સાથે આમાંથી બે ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માતના બનાવને લઈને તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોના મદદે આવ્યા હતા. બનાવ સ્થળ ખાતે માર્ગ ઉપર વિલાયતી નળીયા ભરેલ ટેમ્પો પલટી ખાતા થોડીવાર માટે એક તરફનો માર્ગ બંધ રહયો હતો. જ્યારે પોલીસ મથકમાં ફરજ બજાવતા પ્રકાશભાઈ સહિતનો પોલીસ સ્ટાફ બનાવ સ્થળ ખાતે આવી પહોંચીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. બનેલ બનાવ બાદ ટેમ્પાનો ચાલક અને કિલનર સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

## પંચમહાલ જીલ્લાની ભાદર નહેર તથા હડફ નહેરના ૨૧ જેટલા રોજમદારોને ID એકટની કલમ -૧૭ (બી) મુજબ ઘરે બેઠા પગાર ચુકવવાનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો આદેશ

ઘોઘંબા,

પંચમહાલ જીલ્લાની હડફ નહેર યોજના તથા મહીસાગર જીલ્લામાં ભાદર નહેર યોજનામાં વર્ષોથી ફરજ બજાવતા ૨૧ જેટલા કામદારોને કામદારોને સંસ્થાએ સને– ૧૯૯૮–૯૯ના વર્ષમાં નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છૂટા કરી દેતા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ તથા એસ.એ. ભોઈ તેમજ વી.આઈ.ભોઈ દ્વારા મજુર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પગાર સાથે પુનઃ સ્થાપિત થવાનો કેસ દાખલ કરેલ. જે કેસ ચાલી જતાં તા. ૧૭–૨–૧૮ના રોજ ૨૧ જેટલા કામદારોને પડેલા દિવસોના ૧૦% સહીત સળંગ નોકરીથી આનુષાંગિક લાભોથી પુનઃ સ્થાપિત કરવામાં આવેલ. જે હુકમથી નારાજ થઈ સરકાર એ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એપ્લીકેશનો દાખલ કરેલ અને તે અરજીમાં તેઓએ હાલ પુરતો એટલે કે કેસના આખરી નિકાલ સુધી મનાઈ હુકમની માંગણી કરેલ. સંસ્થા સરકારની અરજી ધ્યાને લઈ તાત્કાલિક અસરથી મજુર અદાલત ગોધરાના હુકમને શરતી સ્થગિત કરેલ અને ૨૧ જેટલા રોજમદારોને આ કેસના આખરી નિકાલ સુધી આઈ.ડી. એકટની કલમ–૧૭ (બી) મુજબ પ્રતિ માસે ઘર બેઠા પગાર ચુકવવાનો આદેશ કરેલ. જે નામદાર વડી અદાલતના હુકમ સંસ્થાને મળવા છતાં હુકમ મુજબ રોજમદારોને પગાર ચુકવવામાં આવેલ ન હતો. જેને લઈ અરજદારોએ સંસ્થા સરકારશ્રીને હુકમનું પાલન કરવા બાબતે નોટીસ પાઠવેલ અને પ્રત્યેક અરજદારે પોતે અન્ય કોઈ જગ્યાએ નોકરી કે કમાણી કરી શકતા નથી. તે બાબતનું એફીડેવીટ કરી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ કરેલ જે એફીડેવીટ આધારીત આઈ.ડી.૧૭ (બી) મુજબ પ્રત્યેક અરજદારને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલા આદેશની તારીખથી પગાર ચુકવવા ઓરલ ઓર્ડર કરેલ છે . જેને લઈ વડી અદાલતા સમક્ષ ચાલત કેસના આખરી નિકાલ સુધી અરજદારો ઘર બેઠા પગાર મૂળવવાના હકકદાર બન્યા છે.

## હાલોલ ફાંટા તળાવમાં ન્હાવા પડેલા બે સગા ભાઈઓનું પાણીમાં ડુબી જવાથી મોત


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલના ફાંટા તળાવમાં ચાર લોકો ન્હાવા પડ્યા હતા. જેમાંથી બે લોકો સલામત રીતે બહાર આવી ગયા હતા. જ્યારે બે સગાભાઈઓ તળાવના પાણીમાં ડુબી ગયા હાત. ફાયર ફાયટરો અએ ભારે જહેમત બાદ બન્ને ભાઈઓના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલના ફાંટા તળાવમાં ચાર યુવકો ન્હાવા માટે તળાવમાં પડયા હતા. તળાવમાં ન્હાવા ગયેલ ચાર યુવકો પૈકી બે યુવકો સહિસલામત રીતે બહાર આવ્યા હતા. જ્યારે બે સગાભાઈઓ તળાવના પાણીમાં ડુબી ગયેલ હતા. આ બાબતે પોલીસ અને ફાયર બ્રીગેડને જાણ થતાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ફાયર ફાયટરો એ ભારે જહેમત બાદ બે યુવકો હેક વાઘેલા ઉ.વ.૧૭ અને કાલુ વાઘેલા ઉ.વ.૧૩ના મૃતદેહ શોધીને બહાર કાઢવામાં આવ્યા હતા. બન્ને મૃતદેહને પી.એમ. અર્થે રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એક સાથે બે સગાભાઈઓના ડુબી જવાથી મોત થયાના પગલે પરિવારમાં માતમ છવાયો છે. આ બાબતે હાલોલ ટાઉન પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંકી કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા શહેર ભાગોળ ફાટક પાસે ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેરા ભાગોળ ફાટક પાસે ખુલ્લામાં ફરક આંકનો જુગાર રમતા અને રમાડતા હોય તે સ્થળે પોલીસે રેડ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરા ભાગોળ ફાટક પાસે ખુલ્લામાં વરલી આંકના આંકડા જુગાર રમીને રમાડતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેઈડ દરમ્યાન મહેશ ભગવતીપ્રસાદ ભટ્ટ, અલ્પેશ ભીખાભાઈ પ્રજાપતિ, સુરેશભાઈને ૭૪૦ રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધવા પામી છે.

## R&B વિભાગ દ્વારા બનાવેલ રસ્તાઓ અને પુલની કામગીરી ચકાસણી કરતાં જીલ્લા પંચાયતના પ્રમુખ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના દ્વારા રસ્તાઓની કામગીરી કરવામાં આવી છે. હાલમાં નવા બનેલા અને જે રસ્તાઓની કામગીરી કાર્યરત છે. તેવા રસ્તાઓની ગુણવત્તાની ચકાસણી કરવા માટે ભારતીય જનતા પાર્ટીના પંચમહાલ જિલ્લા પ્રમુખ કામીનીબેન સોલંકી દ્વારા મુલાકાત લેવાતાં આવી હતી. કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ જંત્રાલ, મોકડ તેમજ બોડીદ્રા ગામોમાં આવેલ ગામોનાં રસ્તાઓ અને પુલની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ રસ્તાઓ અને પુલની કામગીરી દરમિયાન રસ્તા બનાવવામાં ક્યાં પ્રકારના મટીરીયલ્સ વાપરવામાં આવ્યા છે. તેની ગુણવત્તાની ચકાસણી માટે જિલ્લા પંચાયત પ્રમુખ કામીનીબેન ગોપાલસિંહ સોલંકી અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ દ્વારા કોન્ટ્રાકટની કામગીરીની ચકાસણી કરવા રસ્તાઓને લોખંડના ઓજારો વડે ખોદી તેની ગુણવત્તા ચકાસવામાં આવી રહી છે. આવું અચાનક કેવા પ્રકારના મટીરીયલ વાપરવામાં આવ્યા છે. તેનું ચેકીંગ હાથ ધરવા માટે સ્થળ મુલાકાત લઈ ને સર પ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ સહિત કાર્યાપાલક ઈજનેર અને સી.એન.રાઠવા ના.કા.ઈ એસ.આઇ. પટેલ અને ના.કા.ઈ એચ.આઈ. ખાતુડા વગેરે કર્મચારી સ્ટાફ હાજર રહીને ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## હાલોલ-પાવાગઢ રોડ ખુદપીર દરગાહ પાસે નર્મદાની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા લાખો લીટર પાણીનો વેડફાટ

ગોધરા,

પંચમહાલના હાલોલ–પાવાગઢ રોડ ઉપર ખુદપીર દરગાહ પાસેથી પસાર થતી નર્મદાની પાણી પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું છે. લાખો લીટર પાણી રોડ ઉપર ઠલવાઈ રહ્યું છે. છતાં પાણી પુરવઠા વિભાગની બેદરકારી દાખવી રહ્યું છે.



પંચમહાલ જીલ્લાના અનેક ગામોમાં ઉનાળાની સીઝનને લઈ પીવાના પાણીના સ્ત્રોત મુકાઈ જતાં પાણી માટે વલખાં મારી રહ્યા છે. તેવા લોકોના પાણી સમસ્યા તંત્ર હલ કરી શકતું નથી. જ્યારે બીજી તરફ હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલ ખુદપીર દરગાહ પાસેથી પસાર થતી નર્મદાની પાણીની પાઈપ લાઈનમાં છેલ્લા કેટલાક દિવસ થી ભંગાણ સર્જાયું છે. જેને લઈ લાખો લીટર પાણીનો દુરર્વ્ય થઈ રહ્યો છે. પાઈપ લાઈન માંથી પાણી રોડ ઉપર ઠલવાઈ રહ્યું છે. છતાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની નિંદ્રા ખુલી નથી. ત્યારે પાણી પુરવઠા વિભાગ દ્વારા નર્મદાની પાઈપ લાઈનમાં પોલ ભંગાણની મરામત કરીને પાણીના દુરવ્યર્યને બચાવે તે જરૂરી છે. અવાર–નવાર નર્મદાની પાઈપ લાઈનમાં આવા ભંગાણ થતાં જોવા મળે છે. ત્યારે તેનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે.

## ૪ જુન થી ૩૬ શહેરોમાં ધંધા રોજગાર માટે ૯ થી ૬ વાગ્યા સુધી છુટ આપતાં વેપારીઓમાં આનંદ

ગોધરા,

રાજ્યના ૩૬ શહેરોમાં છેલ્લા એક દોઢ મહિના થી આંશિક લોકડાઉન અને કરફ્યુ માંથી છુટછાટ આપવામાં આવી હતી. ૪ જુનના રોજ પુરી થતી મુદ્દતે ધંધાકીય ક્ષેત્રો માટે ૯ થી ૬ વાગ્યા સુધી છુટ આપવામાં આવી છે. જ્યારે રેસ્ટોરન્ટના હોમ ડિલીવરી ૧૦ વાગ્યા સુધી છુટ આપવામાં આવતાં વેપારીઓમાં આનંદ જોવા મળ્યો. રાજ્યમાં કોરોના મહામારીની બીજી લહેરના સંક્રમણને અટકાવવા માટે સરકાર દ્વારા ૩૬ શહેરોમાં વેપાર ધંધા માટે આંશિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. કોરોના કેસમાં ઘટાડો થતાં તબક્કાવાર ધંધા રોજગાર માટે છુટછાટ આપવામાં આવી હતી. ૪ જુન થી રાજ્યના ૩૬ શહેરોમાં ધંધાદારી સંસ્થાઓ લારી ગલ્લા, શોપીંગ કોમ્પ્લેક્સ, હેર કટીંગ સલુન, બ્યુટી પાર્લર, માર્કેટીંગયાર્ડ સહિતના ધંધાદારી સંસ્થાઓના સમયમાં વધારો કરવમાં આવ્યો છે. ૪ જુન થી સવારે ૯ થી ૬ વાગ્યા સુધી ખુલ્લા રાખવાની છુટ આપવામાં આવી છે. જ્યારે રેસ્ટોરન્ટ દ્વારા કરાતી હોમ ડિલવરીના સમયમાં વધારો કરી રાત્રીના ૧૦ સુધી કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ૩૬ શહેરો માટે લાગુ કરેલ નવી જાહેરાત ૪ જુન થી ૧૧ જુન સુધી અમલવારી કરવાની રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 239